હવે પછી ગુનેગારો નવા નવા રસ્તાઓ શોધીને લોકોને છેતરવાના પ્રયાસ નિષ્ફળ બનાવી દેવામાં આવશે

**99%** ખોટી જાહેરાતો યુઝર સુધી પહોંચે તે પહેલા જ બ્લોક કરી દેવાઈ

ગૂગલે સમગ્ર ભારતમાંથી અંદાજીત 17,00,000થી વધુ એડવર્ટાઈઝર એકાઉન્ટ્સ સસ્પેન્ડ કર્યા છે

# હવે,ગુગલનું મજબૂત સુરક્ષા કવચ તૈયાર

## ગૂગલે એકાઉન્ટ્સ કેમ બંધ કર્યા?

ગૂગલનું મુખ્ય ધ્યેય છે કે તેના પ્લેટફોર્મ પર યુઝર્સને સુરક્ષિત અનુભવ મળે,પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સાયબર ગુનેગારો ગૂગલ એડ્સનો દુરુપયોગ કરવા લાગ્યા હતા,તેથી ગૂગલે કડક પગલાં લીધા.

**1. ખોટી માહિતી અને છેતરપિંડી**

ઘણા એડ એકાઉન્ટ્સ લોકો સાથે છેતરપિંડી કરતા હતા જેમાં સૌથી મોખરે હતું,નકલી લોન ઓફર ,ફેક રોકાણ સ્કીમ ,"ઝડપથી પૈસા કમાવો" જેવા લાલચ, આ પ્રકારની જાહેરાતો સામાન્ય લોકોને ફસાવવાના ટુલ હતા.

**2. માલવેર અને વાયરસનો ખતરો**

કેટલીક જાહેરાતો પર ક્લિક કરવાથી યુઝરના મોબાઈલ અથવા કમ્પ્યુટરમાં માલવેર ઇન્સ્ટોલ થઈ જતું હતું
આથી ડેટા ચોરી થઈ શકે ,બેંક એકાઉન્ટ હેક થઈ શકે અને યુઝર ના મોબાઈલ નો પણ દુરુપયોગ થતો.

**3. ગૂગલ પોલિસીનો ભંગ**

ઘણા એકાઉન્ટ્સ ખોટી ઓળખ બનાવીને વારંવાર નિયમો તોડતા હતા. AI દ્વારા આવા શંકાસ્પદ પેટર્ન ઝડપથી પકડવામાં આવી અને તેમના એકાઉન્ટ્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા.




## આ સાયબર સુરક્ષા માટે કેમ મહત્વનું?

ગૂગલનું આ એક્શન માત્ર એડ્સ દૂર કરવાનો નથી, પણ સાયબર ક્રાઈમ સામે મોટી લડાઈનો ભાગ છે.

**1. નાણાકીય છેતરપિંડીમાં ઘટાડો:**

જો આ 17 લાખ એકાઉન્ટ્સ ચાલુ રહેતાં, તો લાખો લોકો પૈસા ગુમાવી શકે,ખાસ કરીને ઓનલાઈન રોકાણ સ્કેમ,લોન ફ્રોડ આમાં નોંધપાત્ર ઘટાડો થોડાક સમયમાં જોવા મળી શકે છે.

**2. વ્યક્તિગત ડેટાની સુરક્ષા :**

આજના સમયમાં ડેટા સૌથી કિંમતી છે.ફિશિંગ અને નકલી વેબસાઈટ દ્વારા પાસવર્ડ ,OTP ,બેંક વિગતો ચોરી થતી હતી, પરંતુ ગૂગલના પગલાંથી આ જોખમ ઘટ્યું છે.

**3. વિશ્વાસ જાળવવો**

જો યુઝર્સને વારંવાર નકલી જાહેરાતો દેખાય, તો તેઓ ઈન્ટરનેટ પર વિશ્વાસ ગુમાવે,સાચી અને સુરક્ષિત જાહેરાતો જ દેખાય તે માટે આ પગલું અત્યંત પ્રશંસનીય અને જરૂરી છે.

**4. AI દ્વારા "પ્રી-એમ્પટિવ" સુરક્ષા**

ગૂગલના Gemini AI મોડલે 99% ખોટી જાહેરાતો યુઝર સુધી પહોંચે તે પહેલા જ બ્લોક કરી દીધી. આનો અર્થ"ગુનો થાય તે પહેલા જ તેને અટકાવવો"

## ગૂગલનું AI કેવી રીતે કામ કરે છે?

**1. બિહેવિયર એનાલિસિસ**
AI તપાસે છે,એકાઉન્ટ કેવી રીતે બનાવાયું ,કેટલા એકાઉન્ટ્સ એક સાથે બન્યા, એકસરખી કન્ટેન્ટ છે કે નહીં તે બાદ જ અપલોડિંગ થાય છે.

**2. રીઅલ-ટાઈમ ચેકિંગ**
જાહેરાત સબમિટ થતાં જ તેની તપાસ થાય છે. શંકાસ્પદ હોય તો તે લાઈવ થતી નથી.જેનાથી યુઝર્સ છેતરાતો નથી

**3. આઈડેન્ટિટી વેરિફિકેશન**
GST, PAN જેવા દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે, ડિવાઈસ અને નેટવર્ક ટ્રેકિંગ આથી નકલી એકાઉન્ટ બનાવવું મુશ્કેલ બની ગયું છે.

**મયુર ભુસાવળકર**
આઈટી એક્સપર્ટ

આજના ડિજિટલ યુગમાં ઈન્ટરનેટ આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. બેન્કિંગ, ખરીદી, અભ્યાસ, મનોરંજન આમ દરેક બાબત હવે ઓનલાઈન થઈ ગઈ છે,પરંતુ આ સુવિધા સાથે જોખમો પણ વધ્યા છે. સાયબર ગુનેગારો નવા નવા રસ્તાઓ શોધીને લોકોને છેતરવાનો પ્રયાસ કરે છે,આવી પરિસ્થિતિમાં ગૂગલ દ્વારા બહાર પાડવામાં આવેલ "સેફ્ટી રિપોર્ટ 2025" એક મહત્વપૂર્ણ પગલું છે.આ રિપોર્ટ મુજબ, ગૂગલે ભારતમાં 17 લાખથી વધુ એડવર્ટાઈઝર એકાઉન્ટ્સ સસ્પેન્ડ કર્યા છે,આ આંકડો ચોંકાવનારો છે, પરંતુ તેની પાછળનું કારણ અને મહત્વ સમજવું ખૂબ જરૂરી છે.મારા મતે ગૂગલ સેફ્ટી રિપોર્ટ 2025 સ્પષ્ટ કરે છે કે ડિજિટલ દુનિયામાં સુરક્ષા માટે કડક પગલાં અનિવાર્ય છે.17 લાખ એડ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ માત્ર આંકડો નથી, પરંતુ લાખો લોકોની સુરક્ષા સાથે જોડાયેલો નિર્ણય છે.સાયબર ગુનેગારો સતત નવી રીતો શોધે છે, પરંતુ ગૂગલ જેવી કંપનીઓ AI દ્વારા તેમની સામે મજબૂત લડાઈ લડી રહી છે, જે એ આઈ વર્સેસ એ આઈ ની લડાઈ પણ કહી શકાય.હા, ક્યારેક ગૂગલની AI સિસ્ટમ ભૂલ કરી શકે છે.આને "False Positive" કહેવામાં આવે છે.પરંતુ ગૂગલે જણાવ્યું છે કે,આવા કેસોમાં 80% ઘટાડો થયો છે,છતાં 100% ચોકસાઈ હજુ શક્ય નથી.

## Google Ads - AdSense બંધ થાય તો શુ કરવુ

**1. અપીલ કરો** GOOGLE ADS DASHBOARD માં જાઓ "APPEAL" બટન પર ક્લિક કરો તમારી સમસ્યા વિગતે લખો **2. પુરાવા સબમિટ કરો:** ગૂગલને ખાતરી આપવી જરૂરી છે કે તમારો બિઝનેસ સાચો છે,GST સર્ટિફિકેટ ,ટ્રેડ લાઇસન્સ ,બેંક ડોક્યુમેન્ટ્સ પુરાવાથી તમે તમારી સત્યાર્થતા સાબિત કરી શકો છો. **3. ભૂલો સુધારો** ખોટી અથવા શંકાસ્પદ લિંક્સ દૂર કરો ,એડ કન્ટેન્ટ ગૂગલ પોલિસી મુજબ બનાવો. **4. ગૂગલ સપોર્ટનો સંપર્ક કરો:**જો જરૂર લાગે તો ગૂગલ સપોર્ટ ટીમ સાથે સીધી વાત કરો તેઓ તમારું કેસ રિવ્યૂ કરશે **5. AI-પાવર્ડ ઝડપી રિવ્યૂ:** હવે ગૂગલની નવી સિસ્ટમથી અપીલ ઝડપથી ચેક થાય છે સાચા એકાઉન્ટ્સ ઝડપી RESTORE થાય છે.

### મેટાના નવા શોપેબલ ફીચરથી હવે ઈન્સ્ટાગ્રામની રીલ બનશે કમાણીનું મંચ

# ક્રિએટર્સ માટે ખુલ્યા નવા દરવાજા

ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા માત્ર મનોરંજનનું સાધન નથી રહ્યું–તે હવે સંપૂર્ણ અર્થતંત્રનું કેન્દ્ર બની ગયું છે. આ પરિવર્તનમાં એક મોટું પગલું છે મેટા દ્વારા ઈન્સ્ટાગ્રામ રીલ્સને શોપેબલ બનાવવાનો નિર્ણય. હવે ક્રિએટર્સ પોતાની રીલ્સમાં સીધા પ્રોડક્ટ લિંક્સ જોડીને કમિશન કમાઈ શકશે. આ ફીચર માત્ર એક અપડેટ નથી, પરંતુ ક્રિએટર ઈકોનોમી માટે એક નવી દિશા છે. મેટાના આ નવા પગલાથી ક્રિએટર્સ હવે બ્રાન્ડ કોલેબોરેશન સિવાય પણ સીધી વેચાણથી કમાણી કરી શકશે. અત્યાર સુધી "લિંક ઈન બાયો" પર આધાર રાખવું પડતું હતું, પરંતુ હવે દર્શકો રીલ્સમાંથી જ પ્રોડક્ટ ખરીદી શકશે.આ બદલાવ ખાસ કરીને માઈક્રો અને મિડ-ટિયર ક્રિએટર્સ માટે ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. ઓછા ફોલોઅર્સ હોવા છતાં એન્ગેજમેન્ટ ઊંચું હોય એવા ક્રિએટર્સ માટે કમાણીના નવા રસ્તા ખુલશે. ભારતમાં લાખો ક્રિએટર્સ માટે આ એક મોટો અવસર છે–ખાસ કરીને ફેશન, બ્યુટી, ટેક અને લાઈફસ્ટાઈલ જેવા ક્ષેત્રોમાં કામ કરનારા માટે.

### ક્રિએટર્સને ઉદ્યોગસાહસિક બનવાની તક

**આ બદલાવ માત્ર કમાણીનો રસ્તો નથી તે ક્રિએટર્સને ઉદ્યોગસાહસિક બનવાની તક આપે છે. પોતાના કન્ટેન્ટને સીધા બિઝનેસ મોડેલમાં ફેરવવાની ક્ષમતા હવે દરેક ક્રિએટર સુધી પહોંચશે. અંતમાં, મેટાનું શોપેબલ રીલ્સ ફીચર સોશિયલ મીડિયા જગતમાં એક મહત્વપૂર્ણ મોરચો સાબિત થઈ શકે છે. આવનારા સમયમાં ક્રિએટર્સ માટે માત્ર લોકપ્રિય બનવું પૂરતું નહીં રહે–પરંતુ પ્રભાવશાળી અને વેચાણક્ષમ બનવું વધુ મહત્વનું બનશે.**





### ● બ્રાન્ડ્સ અને માર્કેટિંગ માટે બદલાતું સમીકરણ

આ ફીચરથી બ્રાન્ડ્સ હવે માત્ર રીચ અથવા લાઇક્સ નહીં, પરંતુ વાસ્તવિક વેચાણના આધારે ક્રિએટર્સ સાથે કામ કરશે. એટલે કે, હવે પ્રદર્શન (performance) જ મુખ્ય માપદંડ બનશે.આ બદલાવથી નાના પરંતુ વિશ્વસનીય ક્રિએટર્સને વધુ મહત્વ મળશે. કારણ કે તેઓ પોતાના ઓડિયન્સ સાથે વધુ નજીકના સંબંધો બનાવે છે અને તેમની ભલામણો વધુ અસરકારક રહે છે. આ ઉપરાંત, AI આધારિત વિડિયો ટૂલ્સ, અવતાર અને મલ્ટી-લિંગ્વલ વોઇસઓવર જેવી સુવિધાઓથી ક્રિએટર્સ વધુ ઝડપથી અને વિવિધ ભાષાઓમાં કન્ટેન્ટ બનાવી શકશે. આથી કન્ટેન્ટ અને કોમર્સ વચ્ચેનું અંતર ઘટશે અને ક્રિએટર્સને એક નવી આવકનું સ્ત્રોત મળશે.

### ભારતના ક્રિએટર ઈકોનોમી માટે નવા સંભાવનાઓ

ભારતમાં 50 લાખથી વધુ ડિજિટલ ક્રિએટર્સ સક્રિય છે, અને Meta Platforms દ્વારા રજૂ કરાયેલું "શોપેબલ રીલ્સ" ફીચર તેમના માટે ગેમચેન્જર સાબિત થઈ શકે છે. ખાસ કરીને Instagram પર આ ફીચર ક્રિએટર્સને કન્ટેન્ટ સાથે સીધી કમાણી જોડવાની તક આપે છે.આ નવી સુવિધા દ્વારા ક્રિએટર્સ હવે પોતાના વિડિઓઝમાં પ્રોડક્ટ ટેગ કરી શકે છે, જેના કારણે દર્શકો સીધા જ ખરીદી કરી શકે છે.

# 3D પ્રિન્ટિંગ શું છે?




3D પ્રિન્ટિંગ એ એવી નવી ટેક્નોલોજી છે જેમાં કમ્પ્યુટર ડિઝાઇન પ્રમાણે કોઈ પણ વસ્તુને લેયર ઉપર લેયર બનાવીને તૈયાર કરવામાં આવે છે. સરળ શબ્દોમાં કહીએ તો - જેમ આપણે ઈંટ ઉપર ઈંટ મૂકી મકાન બનાવીએ છીએ, એમ 3D પ્રિન્ટર સામગ્રી (પ્લાસ્ટિક, મેટલ વગેરે) ને એક પછી એક સ્તરમાં નાખીને વસ્તુ બનાવે છે. 3D પ્રિન્ટિંગ આજના સમયમાં એક ક્રાંતિ લાવતી ટેક્નોલોજી છે.તે મેડિકલ, ઈન્ડસ્ટ્રી, અને શિક્ષણ ક્ષેત્રમાં ખૂબ ઉપયોગી સાબિત થઈ રહી છે.આવનારા સમયમાં આ ટેક્નોલોજી આપણું જીવન વધુ સરળ અને આધુનિક બનાવશે.

**અર્જુન શર્મા**
આઈટી એક્સપર્ટ

### 3D પ્રિન્ટિંગ ક્યાં ઉપયોગ થાય છે?

●કૃત્રિમ અંગ (Artificial limbs) ●દાંત અને હાડકાંના મોડેલમટિરિયલ ●સર્જરી માટે પ્રેક્ટિસ મોડેલ મશીનના પાર્ટ્સ બનાવવામાં ●પ્રોટોટાઇપ (નમૂના) બનાવવામાં ●વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ શીખવા માટે ●સાયન્સ મોડેલ બનાવવામાં 3●D પ્રિન્ટેડ ઘરો બનાવવામાં ●જ્વેલરી ડિઝાઇનર પ્રોડક્ટ્સ

**કયા મટિરિયલથી બને છે?**

●પ્લાસ્ટિક (PLA, ABS)●મેટલ (સ્ટીલ, એલ્યુમિનિયમ) ●રબર●સિરામિક - બાયોલોજિકલ મટિરિયલ (મેડિકલ માટે)

**3D પ્રિન્ટિંગના ફાયદા**

●ઝડપી પ્રોડક્શન કસ્ટમ ડિઝાઇન (જેમ જોઈએ એમ બનાવી શકાય) ●ઓછો વેસ્ટ ખર્ચ બચત

**ખામીઓ**

મશીન મોંઘું હોય છે મોટા પ્રમાણમાં પ્રોડક્શન માટે ધીમું ટેક્નિકલ જ્ઞાન જરૂરી

**ભવિષ્ય**

આ ટેક્નોલોજી ભવિષ્યમાં ખૂબ જ મહત્વની બનશે.


ટેક ડાયજેસ્ટ | GUJARATMITRA

## બજારમાં આવી રહ્યા છે આ નવા ગેજેટ્સ

### વિશ્વાસપૂર્વક ઉપયોગ કરી શકાય તેવી બેકઅપ પાવર બેંક

**અંદાજિત કિંમત: રૂા. 3,799**

Crompton, ઇલેક્ટ્રિકલ ક્ષેત્રમાં જાણીતી બ્રાન્ડ, Energion Snap-10K પાવરબેંક સાથે સ્પર્ધાત્મક બજારમાં પ્રવેશી છે. આ મોડેલ ખાસ કરીને વોલ્ટેજ ફેરફાર, ઓવરહીટિંગ અને પાવર સરજ સામે સુરક્ષા માટે બનાવવામાં આવ્યો છે.તેનું કોમ્પેક્ટ ડિઝાઇન તેની મુખ્ય ખાસિયત છે. GaN (Gallium Nitride) ટેક્નોલોજી દ્વારા આંતરિક ઘટકો ઓછા કરીને તેને વધુ મજબૂત અને પ્રીમિયમ બનાવવામાં આવ્યો છે.Snap-10K હળવા વજન સાથે આવે છે અને 2-વે વાયરડ ચાર્જિંગ સપોર્ટ કરે છે, એટલે તમે પાવરબેંક ચાર્જ કરતી વખતે મોબાઇલ પણ ચાર્જ કરી શકો છો.તેની 10,000mAh ક્ષમતા લગભગ 1.5 થી 2 વખત સ્માર્ટફોન ચાર્જ કરી શકે છે.તેની કિંમત સામાન્ય પાવરબેંક કરતાં થોડી વધારે છે, પરંતુ મુસાફરી દરમિયાન વિશ્વસનીય વિકલ્પ તરીકે ઉપયોગી સાબિત થાય છે.



### મિડ-રેન્જ સ્માર્ટફોન્સ માટે હવે ધોરણ વધુ ઊંચું, નૉર્ડ 6 આપે છે સમૃદ્ધ વિઝ્યુઅલ્સ-સ્મૂથ કામગીરી

**અંદાજિત કિંમત: રૂા.41,999 (12GB + 256GB)**

સાફ અને સરળ યુઝર ઇન્ટરફેસ, ઝડપી પ્રદર્શન અને સારો કેમેરા OnePlus Nord 6 ને સામાન્ય મિડ-રેન્જ ફોન કરતાં વધુ પ્રીમિયમ અનુભવ આપે છે. હકીકતમાં ઘણા વપરાશકર્તાઓ તેને Xiaomi અને Realme જેવા સ્પર્ધકો કરતાં વધુ પસંદ કરી શકે છે.નવી પેઢીનો Nord 6 લગભગ દરેક ક્ષેત્રમાં સુધારા સાથે આવે છે. તેમાં ગ્લિચ-મુક્ત દૈનિક ઉપયોગ, ઉત્તમ ડિસ્પ્લે અને કેમેરા તેમજ આખો દિવસ ચાલે તેવી બેટરી તેની મુખ્ય વિશેષતાઓ છે. તેનું સ્લીક અને મિનિમલ ડિઝાઇન ગોળાકાર ખૂણાઓ અને સ્મૂથ ધાર સાથે હાથમાં આરામદાયક અનુભવ આપે છે. IP66, IP68 અને IP69 રેટિંગ્સ તેને ધૂળ અને પાણી સામે મજબૂત સુરક્ષા આપે છે. આગળની બાજુ Crystal Guard Glass પ્રોટેક્શન સ્ક્રેચથી બચાવે છે.6.78 ઈંચનું 1.5K 165Hz AMOLED ડિસ્પ્લે 3,600 નિટ્સ સુધીની બ્રાઇટનેસ આપે છે, જેના કારણે બહાર સૂર્યપ્રકાશમાં પણ સ્ક્રીન સ્પષ્ટ દેખાય છે. Aqua Touch 2.0 ટેક્નોલોજી ભીના અથવા પસીનાવાળા હાથથી પણ સ્મૂથ ઉપયોગ સુનિશ્ચિત કરે છે.આ ફોન Qualcomm Snapdragon 8s Gen 4 પ્રોસેસર પર કાર્ય કરે છે, જે અગાઉના વર્ઝન કરતાં મોટો સુધારો છે. તે ઝડપી દૈનિક કામગીરી, ઉત્તમ ગેમિંગ અને AI આધારિત ઇમેજિંગ અનુભવ આપે છે.કેમેરા વિભાગમાં 50MP Sony મુખ્ય સેન્સર સાથે ડ્યુઅલ-એક્સિસ OIS અને 32MP ટેલિફોટો લેન્સ આપવામાં આવ્યા છે. ઓછા પ્રકાશમાં પણ સ્પષ્ટ અને ગુણવત્તાસભર ફોટોગ્રાફી શક્ય બને છે. 4K વિડિયો 60 FPS પર રેકોર્ડ કરી શકાય છે.AI આધારિત એડિટિંગ ટૂલ્સ જેમ કે Portrait Glow, Eraser, Unblur, Perfect Shot, Reflect Remover, Reframe અને Detail Boost ફોટોગ્રાફી અનુભવને વધુ સર્જનાત્મક બનાવે છે.9,000mAh બેટરી 80W વાયરડ અને 27W વાયરલેસ ચાર્જિંગ સપોર્ટ સાથે આવે છે.જો તમે મિડ-રેન્જ બજેટમાં મજબૂત અને વિશ્વસનીય સ્માર્ટફોન શોધી રહ્યા હો, તો Nord 6 એક ઉત્તમ વિકલ્પ બની શકે છે.



### ઠગાઈ શોધખોળ માટે Persistent Systemsનું નવીન સોલ્યુશન

Persistent Systems એ Data Intelligence આધારિત મર્ચન્ટ રિસ્ક મેનેજમેન્ટ અને ફ્રોડ ડિટેક્શન સોલ્યુશન રજૂ કર્યું છે. આ સિસ્ટમ નાણાકીય સંસ્થાઓને નુકસાન ઘટાડવામાં અને રિયલ-ટાઇમ નિર્ણય લેવામાં મદદરૂપ બને છે.તેમાં AI આધારિત એજન્ટિક પ્લેટફોર્મનો સમાવેશ થાય છે, જે મર્ચન્ટ ઓનબોર્ડિંગ દરમિયાન પ્રોફાઇલ અને ટ્રાન્ઝેક્શન પેટર્નનું વિશ્લેષણ કરીને જોખમનું પૂર્વ મૂલ્યાંકન કરે છે.

### Genpact દ્વારા એન્ટરપ્રાઇઝ સર્ચ ક્ષમતામાં વધારો

Genpact એ Parallel Web Systems સાથે ભાગીદારી કરી છે, જેના દ્વારા AI આધારિત એન્ટરપ્રાઇઝ સર્ચ, માહિતી શોધ અને વેબ ઇન્ટેલિજન્સ ક્ષમતામાં સુધારો થશે.આ ભાગીદારી API આધારિત સર્ચ ટૂલ્સ અને AI વેબ એજન્ટ્સ દ્વારા બિઝનેસ ઓપરેશન્સને વધુ અસરકારક બનાવવાનો ઉદ્દેશ ધરાવે છે.

### Toyota અને Wipro વચ્ચે સ્કિલ ડેવલપમેન્ટ માટે સહયોગ

Toyota Kirloskar Motor (TKM) એ Wipro 3D સાથે ભાગીદારી કરીને Bidadi સ્થિત Toyota Technical Training Institute ખાતે એડિટિવ મેન્યુફેક્ચરિંગ માટે સેન્ટર ઓફ એક્સેલન્સ સ્થાપિત કરવાની યોજના બનાવી છે.આ કેન્દ્ર સ્કિલ ડેવલપમેન્ટ, એપ્લાઇડ લર્નિંગ અને ઇનોવેશન માટે મહત્વપૂર્ણ પ્લેટફોર્મ તરીકે કાર્ય કરશે.